# Visit of External Affairs Minister to United Arab Emirates

November 26, 2020

# વિદેશ મંત્રીની યુનાઈટેડ આરબ અમિરાતની મુલાકાત

નવેમ્બર 26, 2020

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર દ્વારા નવેમ્બર 25-26, 2020 નાં રોજ યુએઈની બે-દિવસની અધિકૃત મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન, તેઓએ અબુ ધાબીનાં ક્રાઉન પ્રિન્સ મહામહિમ શેખ મોહમદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે મુલાકાત કરી હતી અને તેઓનાં સમતુલ્ય પદાધિકારી એવા યુએઈનાં વિદેશ મંત્રી મહામહિમ શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહયાન સાથે વાતચીત યોજી હતી. તેઓએ અબુ ધાબીમાં સ્થિત ભારતી સમુદાયનાં સંગઠનોનાં પ્રતિનિધિઓ સાથે વર્ચ્યુઅલ બેઠક પણ કરી હતી.

વિદેશ મંત્રીએ અબુ ધાબીનાં ક્રાઉન પ્રિન્સ સાથે 25 નવેમ્બરનાં રોજ મુલાકાત કરી હતી અને ભારતનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વતી શુભેચ્છાઓ પાઠવી હતી અને કોવિડ-19 મહામારી દરમિયાન ભારતીયોની ઉત્તમ સંભાળ લેવા બદલ તેઓ તરફથી યુએઈની નેતાગીરીની પ્રશંસા પાઠવી હતી. તેઓએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી.

વિદેશ મંત્રી અને યુએઈનાં વિદેશ મંત્રીએ 26 નવેમ્બરનાં રોજ દ્વિપક્ષિય મુદ્દાઓની સમગ્ર બાબતો પર ચર્ચાઓ યોજી હતી. વિદેશ મંત્રીએ આરોગ્ય અને આર્થિક એમ બન્ને મોરચા પર કોવિડ-19 મહામારીનો સામનો કરવામાં ભારત દ્વારા કરવામાં આવેલી પ્રગતિ પર યુએઈનાં પક્ષને સંક્ષિપ્ત માહિતી પ્રદાન કરી હતી. બન્ને પક્ષોએ વ્યાપાર, રોકાણ, આંતરમાળખા, ઊર્જા, અન્ન સુરક્ષા સહિત તેઓની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનાં વિવિધ પાસાઓ પર તેઓનાં સહકારની સમીક્ષા કરી હતી. વિદેશ મંત્રી અને યુએઈનાં વિદેશ મંત્રીએ તાજેતરનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય વિકાસોની ચર્ચા કરી હતી અને વિવિધ બહુપક્ષિય મુદ્દાઓ પર સંકલન ચાલુ રાખવા સંમત થયા હતા.

અબુ ધાબી સ્થિત ભારતીય સમુદાયનાં પ્રતિનિધિઓ સાથેની પોતાની વર્ચ્યુઅલ બેઠકમાં, વિદેશ મંત્રીએ કોવિડ મહામારી દરમિયાન સમુદાયની સંભાળ લેવામાં ભારતીય સંગઠનો દ્વારા કરવામાં આવેલા કામની પ્રશંસા કરી હતી. તેણે તેઓને કોવિડ-બાદની સામાન્ય સ્થિતિ સંબંધિત મુદ્દાઓ પર સરકારની પ્રતિભાવકતાની ખાતરી આપી હતી.

**અબુ ધાબી**
**નવેમ્બર 26, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.